BUSINESS મિત્ર

યુદ્ધ વિરામ સફળ થશે તો શેરબજારમાં શાનદાર તેજી જોવાશે

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 4200 પોઇન્ટ અને નિફ્ટી 1300 પોઇન્ટથી વધુ ઉછળ્યા: બ્રોડર માર્કેટમાં પણ 7 ટકાથી વધુનો ઉછાળો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 11: વિતેલા સપ્તાહમાં એક કામકાજના દિવસને બાદ કરતાં સમગ્ર સપ્તાહ દરમ્યાન ભારતીય શેરબજારમાં તેજીનો દોર જળવાઇ રહ્યો હતો અને છેલ્લા પાંચ વર્ષમાં સૌથી મોટો સાપ્તાહિક ઉછાળો જોવાયો હતો. જે દર્શાવે છે કે, બજાર રીકવરી માટે તૈયાર છે અને સપ્તાહના અંતે નિફ્ટીએ 24000 પોઇન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવી દીધી છે. જે સ્પષ્ટ દર્શાવે છે કે હવે બજાર નીચે તરફ જવા માટે તૈયાર નથી અને નવી તેજી તરફ આગેકૂચ કરશે.

એવો પણ મત જોવા મળી રહ્યો છે કે, જો ઇરાન-અમેરિકા-ઇઝરાયેલ યુદ્ધ સમાપ્ત થઇ જશે તો ક્રુડના ભાવ ફરીથી નીચે સરકીને 65થી 70 ડોલર વચ્ચે સ્થિર થઇ શકે છે અને જરૂર પડે તો 50 ડોલર સુધી પણ ઘટી શકે છે. આ સંજોગોમાં જે અર્થતંત્રોને ક્રુડના ભાવ વધારાની ચિંતા હતી, તે દૂર થઇ જશે અને અર્થતંત્રની ગાડી ફરીથી પાટા પર ચડીને પુરપાટ આગળ વધશે.

જેની સાથે શેરબજારોને પણ તેની પોઝિટિવ અસર જોવા મળશે અને ફરીથી તેજીની રફતાર જોવા મળી શકે છે. જે રફતાર એવી પકડશે કે નવી ઐતિહાસિક સપાટીને ટચ કરે તો પણ નવાઇ નહીં.

વિતેલા સપ્તાહમાં બીએસઇ સેન્સેક્સ 4230.70 પોઇન્ટ એટલે કે 5.77 ટકા વધીને 77550.25 પોઇન્ટના સ્તરે બંધ રહ્યો હતો.

જ્યારે નિફ્ટી 1337.50 પોઇન્ટ એટલે કે 5.80 ટકા વધીને 24000 પોઇન્ટની સપાટી કુદાવીને 24050.60 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 7.35 ટકા ઉછળીને 15623.78 પોઇન્ટ અને સ્મોલકેપ ઇન્ડેક્સ 7.15 ટકા વધીને 6261.45 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

વિતેલા સપ્તાહમાં વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલની સાથે ઘરેલું સ્તરે આરબીઆઇની મોનીટરીંગ પોલિસીની બેઠક હતી, જેમાં વ્યાજદર જાળવી રાખવામાં આવ્યો હતો અને નાણા નીતિને સંતુલિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આરબીઆઇએ નોંધ્યું હતું કે, પશ્ચિમ એશિયામાં સંઘર્ષના કારણે સપ્લાય ચેઇન વ્યવસ્થા બગડી છે અને ઉંચા ભાવો તથા ધીમી વૈશ્વિક વૃદ્ધિની પણ અસર પડી રહી છે, તેની ઉપર આરબીઆઇ વોચ રાખી રહી છે અને ફુગાવા સહિતના પરિબળો ઉપર પણ નજર છે.

ભારતીય શેરબજારને આવનારા સમયમાં કેટલાક પરિબળો એવા છે કે જેની પણ નકારાત્મક અસર પડી શકે છે. સ્કાયમેટ દ્વારા હવામાન બ્રોડકાસ્ટ કરવામાં આવ્યું હતું, જેમાં ચોમાસુ નબળું પડવાની સંભાવના વ્યક્ત કરાઇ છે. તેની સાથે કમોસમી વરસાદ અને વાતાવરણના પલટાથી કૃષિ જગતને માઠી અસર થવાની ભીતિ સેવાઇ રહી છે. તેની સાથે મીડલ ઇસ્ટના તણાવના કારણે ચોથા કવાર્ટરના કંપનીઓના પરિણામો ઉપર પણ અસર પડી છે અને આ અસર કોર્પોરેટ કમાણી ઉપર દેખાશે. જે અપેક્ષા કરતા નબળા રહેવાની સંભાવના છે. જેથી ભારતીય શેરબજારની તેજીને રૂંધવામાં ભાગ ભજવી શકે છે.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ધીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**	૭૫/૩૬ ’’	૧૩૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૯	૫૦/૩૬ ’’	૧૪૬	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૦
૩૦/૩૬ એફડી	૨૭૬	૫૦/૪૮ SD/ક્રેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૬	૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૦
૬૮/૩૬	૧૩૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૫	૬૮ ક્રિમ્પ	૧૪૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫	૮૦/૭૨ રોટો	૧૪૧	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૭	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૮	૧૬૦ ડીસ્કેટ	૧૪૭	૮૦/૭૨ રોટો	૧૩૯
૮૦/૩૬ રોટો.	૧૩૯	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
				૩૦/૩૬ એફડી	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ’’	૧૨૪	TPM	૧૩૮

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૫૨૫૦
તેજાબી સોનું	૧૫૫૧૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૯૪૯૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૨૧૪૫
સોનાનાં બિસ્કીટ	૧૫૫૨૫૦૦
ચાંદી (૯૯૯)	૨૪૯૦૦૦
ચાંદી સિક્કા	૨૫૦૫૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૫૪૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૬૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૬૬૦	તલતેલ	૪૮૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૪૨૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૭૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

બેન્કિંગ અને ફાઇનાન્શિયલ સેક્ટરમાં રોકાણનો સુવર્ણ અવસર

આઇટી સેકટરમાં હજુય પણ એઆઇનું જોખમ, હાલમાં દૂર રહેવાની નિષ્ણાતોની સલાહ

મુંબઇ, તા. 11: વિતેલા સપ્તાહમાં ભારતીય શેરબજાર રીકવરી મોડમાં જોવા મળ્યો હતો. એક કામકાજના દિવસને બાદ કરતા ભારતીય શેરબજારમાં પાંચ વર્ષની સૌથી મોટી સાપ્તાહિક તેજી જોવા મળી હતી. આ વધારામાં નિફ્ટીએ 24000 પોઇન્ટની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવી હતી. જેથી આ સપાટી જળવાઇ રહેશે તો તેજીનો દોર આગળ વધી શકે છે.

બીજી તરફ, મીડલ ઇસ્ટનું યુદ્ધ વિરામ ચાલુ રહેશે તો શેરબજારમાં તેજીનો દોર જળવાઇ શકે છે. એવું લાગી રહ્યું છે કે, યુદ્ધ પુર્ણરીતે વિરામ થવાના આરે છે, ત્યારે શેરબજારમાં બેન્કીગ અને એનબીએફસી સેકટરમા ઝડપી તેજી જોવા મળી શકે છે. કેમ કે આ સેકટરને યુદ્ધ સાથે સીધા કોઇ સંબંધ નથી. એટલું જ નહીં, ભારતીય પ્રાઇવેટ તથા જાહેર ક્ષેત્રની બેન્કોમાં એનપીએ તળિયે છે અને બેન્કીગ સિસ્ટમ પણ મજબૂત છે, ત્યારે આ સેકટરમાં ઝડપી રીકવરી સાથે તેજીનો દોર જોવા મળી શકે છે. એક અહેવાલ અનુસાર છેલ્લા કેટલાક મહિનાઓથી એફઆઇઆઇ પણ ભારતીય બેન્કીગ સેકટરમાં ધીમે ધીમે રોકાણ વધારી રહ્યા છે. બીજી તરફ, એઆઇ બબલની આઇટી સેકટર પર શું અસર થશે અને કેટલીક અસર થશે તે અંગે ચિત્ર સ્પષ્ટ દેખાતું નથી, તેના કારણે હાલમાં આઇટી સેકટર પર દાવ લગાવવો યોગ્ય નથી, તેથી હજુય ચિત્ર સ્પષ્ટ ન થાય ત્યાં સુધી આઇટી સેકટરથી દૂર રહેવામાં લાભદાયી રહેશે.

નિષ્ણાતોનું પણ માનવું છે કે, બેન્કીગ સેકટરમાં ક્રેડિટ ગ્રોથ મજબૂત છે અને એનપીએ સર્વકાલીન નીચી સપાટીએ છે. જેમાં રોકાણકારો ખાનગી બેન્કોને વધુ પસંદ કરે છે. આ સમયગાળામાં ખાનગી બેન્કોનું પ્રદર્શન એટલું સારૂં નથી, જેથી રોકાણ માટેનો સારો સમય છે. જોકે, રોકાણકારો પીએસયુ અને ખાનગી બેન્કોમાં પોર્ટફોલિયોમાં સમાન રોકાણ કરી શકે છે.

ખાનગી ક્ષેત્રમાં પણ મિડકેપ બેન્કોમાં વધુ લાભદાયી સાબિત થઇ શકે છે. જેઓના લોન ગ્રોથ 15થી 17 ટકા રહેવાની સંભાવના છે. એનબીએફસી ક્ષેત્ર પણ ઉત્સાહિત છે. તેમના જણાવ્યા અનુસાર રિટેલ ધિરાણમાં એનબીએફસી બેન્કો કરતા ઘણી આગળ નીકળી જશે. આરબીઆઇની કડક દેખરેખ આ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. ગોલ્ડ લોન અને કન્ઝયુમર લેન્ડીંગ સ્પેસમાં રોકાણકારો પાસે સારા અને વૈવિધ્યકરણના વિકલ્પો છે.

નિષ્ણાતના જણાવ્યા અનુસાર આદર્શ પોર્ટફોલિયોમાં 35થી 40 ટકા બેન્કીગ, ફાઇનાન્સીયલ સર્વિસીસ એન્ડ ઇન્સ્યોરેન્સ હોવું જોઇએ. જેમાં 10 ટકા સરકારી બેન્કો, 10 ટકા ખાનગી બેન્કો અને બાકીની એનબીએફસી સાથે સંબંધિત કંપનીઓનો સમાવેશ કરી શકાય.

જિયો - બીપીએ પેટ્રોલ-ડીઝલના ભાવ નહીં વધારવાનો કર્યો નિર્ણય

નાયરાએ પેટ્રોલમાં રૂ. 5 અને ડિઝલમાં રૂ. 3નો વધારો કર્યો હતો

નવી દિલ્હી, તા. 11: મીડલ ઇસ્ટના તણાવ વચ્ચે ક્રુડ ઓઇલના ભાવમાં ઝડપી ઉછાળો આવ્યો છે, લગભગ બમણા ભાવ વધારાના લીધે તમામ પેટ્રોલિયમ કંપનીઓની સ્થિતિ બગડી રહી છે.

આમ છતાં રિલાયન્સ અને બીપી પીએલસીના સંયુક્ત સાહસ જિયો બીપીએ ગ્રાહકોને રાહત આપી છે. જેઓ હાલમાં પેટ્રોલ-ડિઝલમાં કોઇ ભાવ વધારો કરશે નહીં.

એક કાર્યક્રમમાં સંયુક્ત સાહસના સીઇઓ અક્ષય વધાવાએ જણાવ્યું હતું કે અમે આ મુદ્દે રાષ્ટ્ર સાથે છીએ. મીડલ ઇસ્ટમાં ચાલી રહેલા તણાવને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડના ભાવ 100 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે, છતાં સરકાર અને ઓઇલ કંપનીઓ સ્થાનિક ગ્રાહકોને આ વધારાની સીધી અસરથી બચાવવા પ્રયાસ કર્યો છે. સરકારે એકસાઇઝ ડયુટીમાં ઘટાડો કરીને ભાવ નિયંત્રણમાં રાખવામાં મદદ કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રિલાયન્સે ભાવ વધારો નહીં કરવાની જાહેરાત કરી છે, પણ અગાઉ નાયરાએ પેટ્રોલમાં રૂ. 5 અને ડિઝલમાં રૂ. 3 પ્રતિ લિટર ભાવ વધારો કર્યો છે. આ ઉપરાંત, શેલ ઇન્ડિયાએ પણ ભાવ વધારો કર્યો છે.

જોકે, રિલાયન્સે ભાવ નહીં વધારતા માર્ચમાં પેટ્રોલના વેચાણમાં 30 ટકા અને ડિઝલના વેચાણમાં 25 ટકાની વૃદ્ધિ થઇ છે. હાલમાં દેશમાં કુલ 102075 પેટ્રોલ પંપોમાંથી 2185 જિયોબીપીના છે. કંપની પેટ્રોલમાં 4 ટકા અને ડિઝલમાં 6 ટકાનો બજારનો હિસ્સો ધરાવે છે.

2026માં અત્યાર સુધીમાં આઇટી અને રિયલ્ટી શેરોમાં સૌથી મોટો ઘટાડો

મુંબઇ, તા. 11: વિતેલા નાણાકીય વર્ષ 2025-26ના અંતિમ મહિનામાં ઇઝરાયેલ અને ઇરાન-અમેરિકાના યુદ્ધના કારણે ભારતીય શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. જેમાં સૌથી વધુ ફટકો રિયલ્ટી અને આઇટી સેકટરને જોવા મળ્યો હતો.

2026માં અત્યાર સુધીમાં ભારતીય શેરબજારમાં સેન્સેક્સમાં 13.96 ટકાનો ઘટાડો નોંધાયો છે, જેની સામે સામે રિયલ્ટી ઇન્ડેક્સ 23.33 ટકા, જ્યારે બીએસઇ આઇટી ઇન્ડેક્સ 20.27 ટકા ઘટયો છે. આવી પરિસ્થિતિમાં રયલ્ટી શેરોમાં નોંધાયેલો વધુમાં વધુ ઘટાડો 34.49 ટકા જેટલો છે, જ્યારે આઇટી શેરો 49.14 ટકા સુધી ઘટયા હતા. રૂપિયાના જંગી ધોવાણના કાણે યુએસમાંથી પોતાની આવકનો મોટો હિસ્સો મેળવનારી દેશની આઇઠી કંપનીની ડોલર સ્વરૂપે થતી આવકમાં મોટો વધારો થવાની સંભાવના હોવા છતાં આઇટી શેર 50 ટકા સુધી ઘટયા હતા.

રિયલ્ટી શેરોમાં સૌથી વધુ લોઢા ડેવલપર્સ, પ્રેસ્ટિજ એસ્ટેટ, એમ્બેસી ડેવલપમેન્ટ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફમાં ઘટાડો જોવાયો હતો. જ્યારે આઇટી શેરોમાં સીઇ ઇન્ફો સીસ્ટમ, ન્યુજેન સોફ્ટવેર, ક્વીક હીલ્સ, વીએલ ઇ-ગર્વનન્સ, જેનસિસ ઇન્ટરનેશનલમાં ઘટાડો જોવાયો હતો.

યુપીઆઇના 10 વર્ષ પુરા: ટ્રાન્ઝેકશનમાં 12 હજાર ગણો વધારો

જ્યારે મુલ્ય 4 હજાર ગણુ વધ્યું

કોરોના મહામારી બાદ યુપીઆઇ ટ્રાન્ઝેકશનમાં ખૂબજ ઝડપી વધારો જોવા મળ્યો

નવી દિલ્હી, તા. 11: ભારતની ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ, યુપીઆઇને આજરોજ 10 વર્ષ પુરા થયા છે. આ સમયગાળા દરમિયાન, યુપીઆઇના ટ્રાન્ઝેક્શનમાં 12 હજાર ગણાથી વધુ વધારો થયો છે અને ટ્રાન્ઝેક્શન વેલ્યુમાં 4 હજાર ગણાથી વધુ વધારો થયો છે. એનાલિટિક્સ ફર્મ ટ્રેક્સોનના ડેટા અનુસાર, યુપીઆઇએ નાણાકીય વર્ષ 2026માં 285 લાખ કરોડ રૂપિયાના 218.98 અબજ વ્યવહારો કર્યા હતા. તે જ સમયે, નાણાકીય વર્ષ 2017માં, આ આંકડો 1.786 કરોડ ટ્રાન્ઝેક્શન હતો અને તેની કિંમત 6,952 કરોડ રૂપિયા હતી. શરૂઆતના વર્ષોમાં વ્યવહારો ધીમે ધીમે વધ્યા હતા અને નાણાકીય વર્ષ 18માં 91.5 કરોડ અને નાણાકીય વર્ષ 19માં 5.39 કરોડ સુધી પહોંચ્યા હતા. ત્યારબાદ નાણાકીય વર્ષ 2020માં, યુપીઆઇ મુખ્ય પ્રવાહમાં ગયું અને 12.52 અબજ વ્યવહારોના આંકડા પર પહોંચ્યું અને તેનું મૂલ્ય 21 લાખ કરોડ રૂપિયાથી વધુ હતું. મહામારીના વર્ષોમાં યુપીઆઇનો ઉપયોગ ઝડપી બન્યો હતો, જેમાં નાણાકીય વર્ષ 2021માં વ્યવહારોની સંખ્યા 22.33 અબજ અને નાણાકીય વર્ષ 2022માં 45.97 અબજ વ્યવહારો સુધી પહોંચી હતી અને નાણાકીય વર્ષ 2023માં ફરીથી બમણી થઇને 83.75 અબજ વ્યવહારો થયા હતા. યુપીઆઇએ નાણાકીય વર્ષ 2024માં 130.13 અબજ વ્યવહારો અને નાણાકીય વર્ષ 25માં 185.87 અબજ વ્યવહારો નોંધાયા. વેપારીઓ દ્વારા ચુકવણી સ્વીકારવા માટેનો આધાર પણ 2025માં વિસ્તર્યો હતો, જેમાં અગાઉના વર્ષની સરખામણીમાં યુપીઆઇ ક્યુઆર કોડની સંખ્યા 15 ટકા વધીને 73.13 કરોડ સુધી પહોંચી ગઈ છે. પોઈન્ટ ઓફ સેલ ટર્મિનલ્સની સંખ્યા 15 ટકા વધીને 1.148 કરોડ થઇ ગઇ છે.

નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા બહાર પાડવામાં આવેલા ડેટા અનુસાર, માર્ચ 2026માં યુપીઆઇએ 2016માં તેની શરૂઆત પછી અત્યાર સુધીના સૌથી વધુ માસિક વ્યવહારો નોંધાવ્યા છે. યુપીઆઇએ માર્ચમાં 22.64 અબજ વ્યવહારો પર પ્રક્રિયા કરી હતી. જે ફેબ્રુઆરીમાં નોંધાયેલા 20.39 અબજ વ્યવહારો કરતાં નોંધપાત્ર રીતે વધુ છે. માર્ચનો આંકડો જાન્યુઆરીમાં નોંધાયેલા 21.70 અબજ વ્યવહારોના અગાઉના ઉચ્ચતમ સ્તરને પણ વટાવી ગયો છે. આ સમયગાળા દરમિયાન, વાર્ષિક આધારે, ટ્રાન્ઝેક્શન વોલ્યુમમાં 24 ટકાનો વધારો થયો છે.

દેશમાં ગોલ્ડ લોનના બજારમાં તીવ્ર ગતિએ વધારો

સોના સામે લોન એક વર્ષમાં બમણી: જાન્યુઆરીમાં 1.75 ટ્રિલિયન રૂપિયાથી વધીને 4 ટ્રિલિયન રૂપિયા

ભારતીય પરિવારો પાસે લગભગ 34,000 ટન સોનું છે: વિદેશી રોકાણકારો તેમાં વિશાળ તક જોઈ રહ્યા છે

મુંબઈ, તા. 11 ભારતમાં ગોલ્ડ લોનનું બજાર ઝડપથી વિકસી રહ્યું છે, કારણ કે લોકો હવે ગામડાં અને શહેરો બંનેમાં નાણાકીય જરૂરિયાતો માટે સોનાનો ઉપયોગ કરી રહ્યા છે. સોનાના ભાવ ખૂબ ઉંચા હોવા છતાં, લોકો લોન લેવા માટે વધુ આકર્ષાઈ રહ્યા છે. આ વધતા જતા ટ્રેન્ડને કારણે ગોલ્ડ લોન સેક્ટર હવે વૈશ્વિક રોકાણકારોને પણ ભારતીય બજારમાં રોકાણ કરવા માટે આકર્ષી રહ્યું છે.

ભારતીય પરિવારો પાસે લગભગ 34,000 ટન સોનું છે જેનું મૂલ્ય લગભગ $5 ટ્રિલિયન છે. ભારતીય ઘરો સોનાના પહાડ પર બેઠા છે.

RBI ના ડેટા દર્શાવે છે કે સોનાની લોન એક વર્ષમાં બમણી થઈ ગઈ છે, જે જાન્યુઆરીમાં 1.75 ટ્રિલિયન રૂપિયાથી વધીને 4 ટ્રિલિયન રૂપિયા એટલે કે 4 લાખ કરોડ ($43.3 બિલિયન) થઈ ગઈ છે. સોના આધારિત ધિરાણ હવે ઘર અને વાહન લોન પછી દેશમાં સૌથી મોટો રિટેલ લોન સેગમેન્ટ છે, તેમજ સૌથી ઝડપથી વિકસતી રિટેલ ક્રેડિટ કેટેગરી પણ છે.

ગ્લોબલ પીઇ ફર્મ બેઇન કેપિટલને ફેબ્રુઆરીમાં ભારતના બીજા ક્રમના સૌથી મોટા ગોલ્ડ લોન આપતી મણપ્પુરમ ફાઈનાન્સમાં 41.7% સુધીનો હિસ્સો ખરીદવા માટે RBI ની મંજૂરી મળી ગઈ છે.

ઉંચા બુલિયનના ભાવે લોન લેનારાઓ સમાન માત્રામાં ધાતુથી ખરીદી શકે તે મૂલ્યમાં વધારો કર્યો છે, જેના કારણે ગોલ્ડ લોન વધુ આકર્ષક બની છે.

ગયા વર્ષે ઓક્ટોબરમાં મોર્ગન સ્ટેનલીના અહેવાલ મુજબ, તેમની પાસે 34,000 ટનથી વધુ સોનાનો જથ્થો છે, કોટક મહિન્દ્રા બેંકે તેનું મૂલ્ય લગભગ $5 ટ્રિલિયન આંક્યું છે.

આ વિશાળ અનામત હવે ભારતમાં સૌથી ઝડપથી વિકસતા ધિરાણ ક્ષેત્રોમાંના એક એવા ગોલ્ડ લોનના ક્ષેત્રને બળ આપી રહ્યું છે. ગોલ્ડ લોનના ક્ષેત્રમાં તેજી આવવાના કારણો જોઈએ તો, ગ્રાહક ધિરાણના અન્ય પ્રકારો ધીમા પડવાથી, અસુરક્ષિત લોન માટે કડક બેંકિંગ નિયમો, વૈશ્વિક સોનાના ભાવમાં તીવ્ર તેજી, સુલભતામાં સુધારો અને કદાચ ઘરોમાં વધતા નાણાકીય તણાવને કારણે સોનાની લોનમાં વધારો થયો છે.

ચીને સલ્ફ્યુરિક એસિડની નિકાસ અટકાવશે: ઉદ્યોગ જગતમાં ભારે ચિંતા

ખાતરો મોંઘા થતા ખાદ્ય ચીજવસ્તુઓ મોંઘી થવાના એંધાણ

અનેક વસ્તુઓના ઉત્પાદન પર આની અસર થશે, મોંઘવારી વધશે

નવી દિલ્હી, તા. ૧૧: ભારતનું ઔદ્યોગિક ક્ષેત્ર હાલમાં એક સંભવિત ‘સપ્લાય શોક’નો સામનો કરી રહ્યું છે. સલ્ફ્યુરિક એસિડની ઉપલબ્ધતામાં ઝડપથી ઘટાડો થઈ રહ્યો છે, જેના કારણે અનેક ઉદ્યોગોમાં ચિંતા વ્યાપી ગઈ છે. નિષ્ણાતોના મતે, આગામી 15 થી 20 દિવસમાં સ્ટોક તળિયે જઈ શકે છે, જેની સીધી અસર ઉત્પાદન પર પડશે અને કંપનીઓએ મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરવો પડી શકે છે. આ સંકટનું મુખ્ય કારણ સલ્ફરની અછત છે, જે સલ્ફ્યુરિક એસિડ બનાવવા માટેનો પ્રાથમિક કાચો માલ છે. સલ્ફરનો પુરવઠો સીધો કાચા તેલના શુદ્ધિકરણ (રિફાઈનિંગ) સાથે જોડાયેલો હોય છે. પરિણામે, જ્યારે પણ વૈશ્વિક તેલ પુરવઠામાં વિક્ષેપ પડે છે, ત્યારે સલ્ફરની ઉપલબ્ધતા ખોરવાય છે અને તેની સીધી અસર સલ્ફ્યુરિક એસિડના ઉત્પાદન પર જોવા મળે છે. વૈશ્વિક પરિબળોએ આ સમસ્યામાં વધારો કર્યો છે.

પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે સપ્લાય ચેઈન ખોરવાઈ ગઈ છે, તો બીજી તરફ ચીને મે મહિનાથી સલ્ફ્યુરિક એસિડની નિકાસ રોકવાના સંકેતો આપ્યા છે. ભારત પોતાની જરૂરિયાતનો મોટો હિસ્સો ચીનથી આયાત કરતું હોવાથી આ નિર્ણય ભારત માટે વધુ ઘાતક સાબિત થઈ શકે છે. આ અછતની સૌથી મોટી અસર ખાતર ઉદ્યોગ પર પડવાની શક્યતા છે.

સરકારે ડીઝલ અને એટીએફ પરના વિન્ડફોલ ટેક્સમાં વધારો કર્યો

ડીઝલ પરનો વિન્ડફોલ ટેક્સ વધીને પ્રતિ લિટર રૂ. ૫૫.૫ અને એવિએશન ફ્યુઅલ (ATF) પર પ્રતિ લિટર રૂ. ૪૨ થયો

નવી દિલ્હી, તા. ૧૧(PTI): સરકારે શનિવારે ડીઝલ પરના નિકાસ વેરા અથવા વિન્ડફોલ ટેક્સને વધારીને પ્રતિ લિટર રૂ. ૫૫.૫ અને એવિએશન ફ્યુઅલ (ATF) પર પ્રતિ લિટર રૂ. ૪૨ કર્યો છે. નાણા મંત્રાલયે એક જાહેરનામામાં જણાવ્યું હતું કે નિકાસ વેરામાં આ વધારો તાત્કાલિક અસરથી લાગુ થશે.

સરકારે ૨૬ માર્ચના રોજ ડીઝલ પર પ્રતિ લિટર ૨૧.૫૦ અને વિમાનના ઇંધણ એવા એવિએશન ટર્બાઇન ફ્યુઅલ (ATF) પર પ્રતિ લિટર ૨૯.૫નો નિકાસ વેરો લાદ્યો હતો. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે દેશમાં ઇંધણની સ્થાનિક ઉપલબ્ધતા વધારવા માટે આ વેરો લાદવામાં આવ્યો હતો.

ઇરાનમાં મોંઘવારી બેકાબૂ: એક લીટર દૂધના આઠ લાખ રિયાલ!

ઇરાની ચલણ રિયાલની હાલત કાગળના ટુકડા જેવી

મધ્યસ્થ બેંકે ૧ લાખ રિયાલની નોટ બહાર પાડવી પડી

તહેરાન, તા. ૧૧: યુદ્ધ પછી હવે ઈરાન મોંઘવારીનો માર સહન કરવા મજબૂર બન્યું છે. મોંઘવારી એવી છે કે બે ટંકની રોટલી મેળવવી પણ એક જંગ જીતવા સમાન છે. કિંમતો પર નજર કરીએ તો, એક સાધારણ ઈંડાની કિંમત 1,21,000 થી 1,40,000 રિયાલની વચ્ચે ઝૂલી રહી છે. એક ડઝન ઈંડા માટે 15 લાખ રિયાલ સુધીનો ખર્ચ કરવો પડી રહ્યો છે. દૂધ પણ પ્રતિ લિટર 8 લાખ રિયાલથી વધુ ભાવે વેચાઈ રહ્યું છે. બ્રેડની કિંમતોમાં ઉછાળો અને અનાજની અછતે રસ્તાઓ પર લાંબી કતારો ઉભી કરી દીધી છે. એપ્રિલ 2026માં ઈરાન ગંભીર આર્થિક સંકટ અને બેકાબૂ મોંઘવારીનો સામનો કરી રહ્યું છે.

DGVCL

દક્ષિણ ગુજરાત વિજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

વાપી ગ્રામ્ય વિભાગીય કચેરી

બલિઠા બ્રિજ ની પાસે, બલિઠા, વાપી -396191

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૯૧૨૩ અથવા ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩

વીજ પ્રવાહ બંધ રહેવા અંગે ની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે, નીચે દર્શાવેલ સબ-સ્ટેશનમાં તથા ફીડરોમાં જરૂરી સમારકામ કરવાનું હોવાથી નીચે જણાવેલ તારીખે જે તે ફીડરો તથા સબ-સ્ટેશનનો વીજ પ્રવાહ બંધ રહેશે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૨૨૦ કે.વી. બલિઠા	૧૧ કે.વી સલવાવ	ઉદવાડા	૯૯૦૯૯૩૭૬૦૯	૧૫-૦૪-૨૦૨૬/ બુધવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૨	૨૨૦ કે.વી. બલિઠા	૧૧ કે.વી સ્પેસિયાલિટી	ઉદવાડા	૯૯૦૯૯૩૭૬૦૯	૧૫-૦૪-૨૦૨૬/ બુધવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૩	૨૨૦ કે.વી. બલિઠા	૧૧ કે.વી ધનાવાડી	ઉદવાડા	૯૯૦૯૯૩૭૬૦૯	૧૫-૦૪-૨૦૨૬/ બુધવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૪	૬૬ કે.વી. મોરાઈ-૧	૧૧ કે.વી. વેલનોવન	ઉદવાડા	૯૯૦૯૯૩૭૬૦૯	૧૩-૦૪-૨૦૨૬/ સોમવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૫	૬૬ કે.વી. મોરાઈ-૨	૧૧ કે.વી. મોરાઈ-૨	ઉદવાડા	૯૯૦૯૯૩૭૬૦૯	૧૩-૦૪-૨૦૨૬/ સોમવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૬	૬૬ કે.વી. મોરાઈ-૨	૧૧ કે.વી. વટાર	ઉદવાડા	૯૯૦૯૯૩૭૬૦૯	૧૩-૦૪-૨૦૨૬/ સોમવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦
૭	૬૬ કે.વી. વટાર	૧૧ કે.વી. નિસર્ગ	ઉદવાડા	૯૯૦૯૯૩૭૬૦૯	૧૭-૦૪-૨૦૨૬/ શુક્રવાર	૦૯:૦૦ થી ૧૭:૦૦

કાર્યપાલક ઇજનેર, વાપી રૂરલ વિભાગીય કચેરી, બલિઠા.

એમ.સી.બી./ઇ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.

DGVCL

દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ

CIN U40102GJ2003SGC042909

વલસાડ શહેરી વિભાગીય કચેરી

કન્ટ્રી ક્લબ રિસોર્ટ, વશીયર વેલી સામે, પો.-વશીયર વલસાડ-૩૯૬૦૦૭.

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં.૧૯૧૨૩(કે ૧૮૦૦ ૨૩૩ ૩૦૦૩)

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની સુચના

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખનાં રોજ અગત્યનું સમારકામ હોવાથી વિદ્યુત પુરવઠો બંધ રહેશે. જેની નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	સબ-સ્ટેશન	ફીડર	સબ-ડિવિઝન	ફોલ્ટ સેન્ટર નં.	તારીખ/વાર	સમય
૧	૬૬ કે.વી. અટક પારડી	૧૧ કે.વી. વલસાડ આર ઇન્ડસ્ટ્રીયલ	વલસાડ ઈસ્ટ	(૦૨૬૩૨) ૨૨૬૪૫૦	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	૭:૦૦ થી ૧૨:૦૦
૨	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. એંટીકોરોઝીવ	વલસાડ ઇન્ડસ્ટ્રીયલ	(૦૨૬૩૨) ૨૩૬૬૦૦	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	
૩		૧૧ કે.વી. ઇનવેસ્ટા પંપ				
૪	૬૬ કે.વી. ભદેલી જગાલાલા	૧૧ કે.વી. નવાપુરા	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	
૫		૧૧ કે.વી. વેકરીયા				
૬	૬૬ કે.વી. મગોદ	૧૧ કે.વી. દીવેદ	અતુલ	૬૩૫૭૬૦૫૯૯૧	૧૩.૦૪.૨૦૨૬ (સોમવાર)	
૭		૧૧ કે.વી. ડુંગરવાડી એ.જી.				
૮	૬૬ કે.વી. ભાગડાવડા	૧૧ કે.વી. કોલેજ	નનકવાડા	(૦૨૬૩૨) ૨૪૭૯૦૦	૧૪.૦૪.૨૦૨૬ (મંગળવાર)	
૯	૨૨૦ કે.વી. અતુલ	૧૧ કે.વી. વાંકી	અતુલ	૬૩૫૭૬૦૫૯૯૧	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	
૧૦	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. મુળી	વલસાડ ઇન્ડસ્ટ્રીયલ	(૦૨૬૩૨) ૨૩૬૬૦૦	૧૫.૦૪.૨૦૨૬ (બુધવાર)	
૧૧	૬૬ કે.વી. વલસાડ સિટી	૧૧ કે.વી. વશિયર એ.જી.	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૧૬.૦૪.૨૦૨૬ (ગુરુવાર)	
૧૨	૬૬ કે.વી. વલસાડ સિટી	૧૧ કે.વી. છીપવાડ	વલસાડ વેસ્ટ	(૦૨૬૩૨) ૨૪૪૨૨૫	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	
૧૩	૬૬ કે.વી. ગુંદલાવ	૧૧ કે.વી. વેજલપોર	કોસ્ટલ	(૦૨૬૩૨) ૨૪૪૧૫૭	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	
૧૪	૨૨૦ કે.વી. અતુલ	૧૧ કે.વી. પારનેરા	અતુલ	૬૩૫૭૬૦૫૯૯૧	૧૮.૦૪.૨૦૨૬ (શનિવાર)	

નોંધ : સમારકામ પૂર્ણ થયેથી કોઈ પણ પ્રકારની પૂર્વ સૂચના આપ્યા સિવાય વીજ પ્રવાહ ચાલુ કરવામાં આવશે.

કાર્યપાલક ઇજનેર (સં અને નિ.), વલસાડ (શહેરી) વિભાગીય કચેરી, દ.ગુ.વી. કં.લિ.

એમ.સી.બી./ ઇ.એલ.સી.બી./ આર.સી.સી.બી. લગાવી વીજળીના ઝટકાથી બચો અને વીજ અકસ્માતો ટાળો.